# મોડર્ન સ્ટાઈલ ઓફ સાડી ડ્રેપિંગ





સાડી બેશક એકદમ એલિગન્ટ અને વર્સેટાઈલ ભારતીય ટ્રેડિશનલ પોશાક છે. એ માત્ર છ મીટરનો કાપડનો પીસ જ નથી પરંતુ એક લાગણી પણ છે. બેઝિક નીવી સ્ટાઈલથી માંડી મોડર્ન પેન્ટ સ્ટાઈલ સુધીની સાડી ડ્રેપ કરવાની અનેક રીતો છે. સાડીની સુંદરતા એની સાદગી અને વૈવિધ્યતામાં છે. સિલ્ક, શિફોન, જોર્જેટ જેવાં અનેક ફેબ્રિકસમાં સાડી મળે છે. દરેક ફેબ્રિકનો પોતાનો ચાર્મ અન એલિગન્સ છે. તમારા ટેસ્ટ અને સ્ટાઈલને અનુરૂપ અને ફેબ્રિક પ્રમાણે તમે અલગ અલગ સ્ટાઈલમાં સાડી ડ્રેપ કરી શકો છો. તમે લગ્નમાં, પાર્ટીમાં કે અન્ય કોઈ પ્રસંગે જતાં હો તો દરેક પ્રસંગ માટે અલગ અલગ સ્ટાઈલ તમને મળી રહેશે. આજે ‘વર્લ્ડ સાડી ડે’ છે વળી ક્રિસમસ, ન્યૂ યર, લગ્નની મોસમ પણ નજીકમાં છે તો ચાલો જોઈએ સાડી

## ધોતી સ્ટાઈલ

ધોતી સ્ટાઈલ સાડી ડ્રેપિંગ એક મોડર્ન ડ્રેપિંગ સ્ટાઈલ છે જે સાડીને ચિક અને કન્ટેમ્પરરી લુક આપે છે. એ ટ્રેડિશનલ સાડી અને ધોતીનું ફયુઝન છે. જે યુવતીઓમાં લોકપ્રિય છે. આ સ્ટાઈલમાં સાડી ધોતી જેવી લાગે છે. જેમાં પ્લીટ્સ, પગની વચ્ચે અને પલ્લુ ખભા પર રાખવામાં આવે છે. ધોતી સ્ટાઈલ સાડી ડ્રેપિંગમાં પેટીકોટને બદલે લેગિંગ્સ કે ફીટ પેન્ટ પહેરવામાં આવે છે. લગ્ન, પાર્ટી અને અન્ય ખાસ અવસર માટે ધોતી સ્ટાઈલ સારો વિકલ્પ છે.

## કો-ઓર્ડ સેટ

તમે કદી વિચાર્યું છે કે સાડી કો-ઓર્ડ સેટ સાથે પણ પહેરી શકાય? હા, ટ્રાય કરી જુઓ. બોસ સ્ટાઈલ જેકેટ હોય કે શોર્ટ ક્રોપ ટોપ એ સ્ટનિંગ લાગે છે. સાડીની પ્લીટ્સ વાળી એને દૂંટીની નીચે કમર પર ખોસો. પલ્લુની બરાબર પ્લીટ્સ વાળી ટોપ પર કે ટોપની નીચે રાખો.

## બેલ્ટેડ સાડી ડ્રેપિંગ



બેલ્ટેડ સાડી ડ્રેપિંગ સ્ટાઈલ એ કન્ટેમ્પરરી ટિવસ્ટ છે જે ટ્રેડિશનલ સાડીમાં સ્ટ્રકચર અને સ્ટાઈલ ઉમેરે છે. આ એક સિમ્પલ છતાં એલિગન્ટ સ્ટાઈલ છે જે કમર પર ધ્યાન ખેંચે છે. આ સ્ટાઈલમાં સાડી પહેર્યા બાદ બેલ્ટ પહેરવામાં આવે છે જે પલ્લુને સરખો રાખવામાં અને કમરને નિખારવામાં મદદ કરે છે.

બેલ્ટેડ સાડી ડ્રેપિંગ સ્ટાઈલ વર્સેટાઈલ છે અને સિલ્ક, શિફોન અને જોર્જેટ જેવી જુદી જુદી સાડીઓ સાથે પેર કરી શકાય છે. બેલ્ટેડ સાડી ડ્રેપિંગ સ્ટાઈલ ઈન્ડિયન અને વેસ્ટર્ન સ્ટાઈલનું ફયુઝન છે. એ મોડર્ન અને ચિક લુક આપ છે. પાર્ટી અને ફોર્મલ પ્રસંગો માટે આ સ્ટાઈલ પર્ફેક્ટ છે.

## દુપટ્ટા સ્ટાઈલ

દુપટ્ટા સાડી ડ્રેપિંગ સ્ટાઈલ લુકને નિખારવા માટે દુપટ્ટા સાથે ટ્રેડિશનલ સાડી ડ્રેપનું ફયુઝન છે. આ સ્ટાઈલમાં સાડી તો બેઝિક રીતે જ પહેરવામાં આવે છે. દુપટ્ટો પલ્લુ પર અથવા માથા અને ખભા પર અલગ રાખવામાં આવે છે. આ સ્ટાઈલ મોટા ભાગે ઉત્તર ભારતમાં પ્રચલિત છે. એલિગન્ટ અને રોયલ લુક માટે તમે બ્રાઈડલ લુક માટે દુપટ્ટાને માથા પર પિન કરી કોણી પર રાખી શકો અને મોડર્ન લુક માટે પ્લીટ વાળી જમણા ખભા પર પિન કરી શકો છો.

## ડબલ સાડી સ્ટાઈલ

ડબલ સાડી ડ્રેપિંગ સ્ટાઈલ સાડી પહેરવાની એક યુનિક અને સ્ટાઈલિશ રીત છે. લેયર્ડ લુક સર્જવા માટે આ સ્ટાઈલમાં એકને બદલે બે સાડી ડ્રેપ કરવામાં આવે છે. પહેલી સાડી ટ્રેડિશનલી ડ્રેપ કરી બીજી સાડી તેની ઉપર કોમ્પ્લિમન્ટરી સ્ટાઈલમાં ડ્રેપ કરવામાં આવે છે. બીજી સાડીનો પલ્લુ મોટા ભાગે ખભા પર રાખવામાં આવે છે જે વોલ્યુમ આપે છે. આ સ્ટાઈલ લગ્ન, રીસેપ્શન અને અન્ય ફોર્મલ પ્રસંગો માટે પર્ફેક્ટ છે.





## કેપ સ્ટાઈલ

કેપ સ્ટાઈલ સાડી ડ્રેપિંગ કન્ટેમ્પરરી અને ટ્રેન્ડી સ્ટાઈલ છે જે આજકાલ ઘણી લોકપ્રિય છે. જેમાં સાડીની ઉપર કેપ કે જેકેટ પહેરવામાં આવે છે. આ સ્ટાઈલમાં સાડી તો બેઝિક રીતે જ પહેરવામાં આવે છે અને ખભા પર કેપ પહેરવામાં આવે છે જે મોડર્ન અને સ્ટાઈલિશ લુક ક્રીએટ કરે છે. એ પાર્ટી અને લગ્નપ્રસંગ માટે પર્ફેક્ટ છે. જે મહિલાઓ ડ્રામેટિક અને એલિગન્ટ લુક ક્રીએટ કરવા ઈચ્છતી હોય એ આ સ્ટાઈલ અપનાવે છે.

## પેન્ટ સ્ટાઈલ

પેન્ટ સ્ટાઈલ એ એક મોડર્ન અને આકર્ષક સાડી ડ્રેપિંગ સ્ટાઈલ છે. પેન્ટ સાથે ટ્રેડિશનલ સાડી ડ્રેપિંગનું મિશ્રણ છે. આ સ્ટાઈલમાં સાડી પેટીકોટને બદલે લેગિંગ કે પેન્ટ પર પહેરવામાં આવે છે અને સ્ટાઈલિશ ફયુઝન લુક સર્જે છે. એની કમ્ફર્ટને કારણે મહિલાઓને આ સ્ટાઈલ આકર્ષે છે. જે યુવતીઓ ટ્રેડિશનલ ભારતીય પોશાક સાડીને વળગી રહી બોલ્ડ સ્ટેટમેન્ટ ઈચ્છે છે તેમને માટે આઈડિયલ છે. એક્ટ્રેસ અને મોડેલ્સ સ્ટેટમેન્ટ લુક ક્રીએટ કરવા માટે પેન્ટ સ્ટાઈલ સાડી ડ્રેપિંગ કરે છે.